## વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત યોજના "એ. આઇ. સી. આર. પી. ઓન સીડ (ક્રોપ્સ)" અંતર્ગત તા. ૬ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ 'રાઈ' પાક પર તાલીમ કાર્યક્રમનું આયોજન

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત યોજના **"એ. આઇ. સી. આર. પી. ઓન સીડ (ક્રોપ્સ)"** અંતર્ગત વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા **તા. ૬ જાન્યુઆરી, ૨૦૨૪** ના રોજ **'રાઈ'** પાક પર તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

આ તાલીમ કાર્યક્રમમાં **મલ્યાતજ અને લવાલ વિસ્તારના** રાઈ પકવતા ખેડૂતો તેમજ ગ્રામસેવકો મળી કુલ '30' થી વધુ ખેડૂતો ભાઈઓ અને બહેનોએ ભાગ લીધેલ.

આ તાલીમમાં બીજ ઉત્પાદન સાથે સંકળાયેલ આણંદ કૃષિ યુનિવર્સિટીના રાઈ પાકના વૈજ્ઞાનિકશ્રી કુ. હિતિક્ષાબેન પરમારે ફિલ્ડમાં રાઈના બીજ ઉત્પાદન પ્લોટ તેમજ જુદી જુદી રાઈની જાતો વાળા નિદર્શન પ્લોટની પ્રત્યક્ષ મુલાકાત કરાવી, સમજણ આપેલ. ફાર્મ મેનેજરશ્રી પ્રો. વિજયભાઈ પટેલે ફાર્મ પરના અન્ય પાકોના સંશોધન પ્લોટસની, ડો. પવન ભાઈ દવેએ ઘઉંની નવી જાત જી. ડબલ્યુ. ૫૧૩ ના પ્લોટની મુલાકાત કરાવેલ. ડો. પંકજભાઈ કટબાએ દિવેલાની વિવિધ જાતોની તેમજ તેમજ કુ. ભાવનાબેને પ્રાકૃતિક ખેતીના પ્લોટની મુલાકાત કરાવી સમજણ આપેલ.

આ પ્રસંગે અત્રેના 'બીજ સૃષ્ટિ' પ્રોસેસિંગ પ્લાન્ટ હોલમાં આણંદ કૃષિ યુનિવર્સિટી સંશોધિત વિવિધ જાતોનું પ્રદર્શન પણ ગોઠવવામાં આવેલ. જેમાં ઘઉં, ડાંગર, મગ, અડદ, દિવેલા, દેશી કપાસ, ઘાસચારા પાકો વિવિધ જાતો અંગે નોડલ અધિકારીશ્રી (સીડ), ડો. એ. એસ. ભાણવડીયાએ અને શાકભાજી પાકોની વિવિધ જાતો અંગે ડો. વિશ્વાસ આચાર્યે વિગતવાર માહિતી આપેલ.

પ્રો, વૈભવભાઈ ચૌધરીએ રાઈ પાકમાં સંકલિત જીવાત વ્યવસ્થાપન અને ડો. જ્યોતિબેન દુલેરાએ રાઈ પાકમાં સંકલિત રોગ વ્યવસ્થાપન વિષય પર પ્રેઝન્ટેશન આપી ખેડૂતોના વિષય સંબંધિત પ્રશ્નોનું નિરાકરણ કરેલ.

શ્રી રાજેન્દ્રસિંહ રાઠોડે અને શ્રી હિતેશભાઈ ચૌહાણે આણંદ આસપાસના રાઈ પકવતા વિસ્તારના ખેડૂતોના પ્રત્યક્ષ સંપર્ક દ્વારા આ તાલીમ અંગેની જાણ કરી બહોળી પ્રસિદ્ધિ કરેલ. આ તાલીમ કાર્યક્રમ દરમ્યાન ખેડૂતોની નોંધણી કરી તાલીમ સાહિત્ય તેમજ શાકભાજી બીજના નાના પેકેટ આપવાની કામગીરી પણ કરવામાં આવેલ. આ તાલીમ કાર્યક્રમનું સંકલન અને આયોજન માનનીય કુલપતિશ્રી ડો. કે. બી. કથીરીયાનાં માર્ગદર્શન હેઠળ ડો. એ. એસ. ભાણવડીયા, નોડલ અધિકારી(સીડ) દ્વારા કરવામાં આવેલ.

*********










AAU
આણંદ કૃષિ યુનિવર્સિટી
અનુભવ સીડ્સ